# સે-૨૮ ગાર્ડનમાં સહેલાણીઓને પીવાના પાણી માટે રઝળપાટ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના પ્રખ્યાત સેકટર-૨૮ બાલોદ્યાનની તંત્ર દ્વારા કરોડોના ખર્ચે કાયાપલટ કરવામાં આવી છે. ગાર્ડનની કાયાપલટ થતા રોજના હજ્જારો સહેલાણીઓ ગાર્ડનની મુલાકાતે આવે છે. પરંતુ ગાર્ડનમાં કરોડો રૂપીયાનો ખર્ચ કર્યો હોવા છતા સહેલાણીઓને પીવાના પાણી માટે વલખા મારવા પડે છે. જે સ્થળ પર પાણીની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ત્યાં નળમાં પાણીનું ટીપુંય આવતું નથી. ત્યારે તંત્રએ કરેલો કરોડો રૂપીયાનો ખર્ચ પાણીમાં ગયો હોય તેમ લાગી રહ્યું છે.જયારે બીજીતરફ સેકટર-૨૮ ગાર્ડનમાં આવેલી ફુડકોર્ટના વેપારીઓ સહેલાણીઓના ખીસ્સા રીતસરના ખંખેરી રહ્યા છે. રૂ. ૫ કે રૂ.૧૦ની બોટલ ને બદલે રૂ.૨૦ની બોટલ રાખે છે. જેથી સહેલાણીઓને તરસ લાગતા ફરજીયાત રૂ.૨૦નો ખર્ચ કરવો પડે છે.

રાજયના પાટનગરમાં જોવા લાયક સ્થળમાં સૌ પ્રથમ સે-૨૮ ગાર્ડનની ગણના થાય છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી રીનોવેશનને પગલે ગાર્ડન બંધ રાખવામાં આવ્યો હતો. ગાર્ડનનું સમારકામ પૂર્ણ થઈ જતા ગાર્ડન સામાન્ય નાગરીકો માટે ખુલ્લો મુકાયો છે. દિવસના હજ્જારો સહેલાણીઓ ગાર્ડનની મુલાકાત લે છે. નાના બાળકોના કલરવ થી ગાર્ડન ગુંજી ઉઠે છે. રમત-ગમતના અવનવા સાધનો માં રમીને બાળકો ખુશ થઈ જાય છે. પરંતુ ઉનાળાની કાળઝાળ ગરમીમાં સહેલાણીઓને પીવાના પાણી માટે ગાર્ડનમાં રઝળપાટ કરવાનો વારો આવે છે. પીવાના પાણીના નળ પર એક ટીંપુ પાણી આવતુ નથી. સહેલાણીઓને ફરજીયાત મને કમને રૂ.૨૦ બોટલ ખરીદી પડે છે. જયારે ફુડકોર્ટવાળા પણ રૂ.૫ કે ૧૦ની પાણીની બોટલ ન રાખીને સહેલાણીઓના ખીસ્સા ખંખેરી રહ્યા છે. ત્યારે આ ફુડકોર્ટના વેપારીઓને તંત્રના અધિકારીઓના છુપા આશિર્વાદ હોય તેમ સહેલાણીઓને લાગી રહ્યું છે. ગાર્ડનમાં કરોડો રૂપીયાનો ખર્ચ કર્યો હોવા છતા પાણીની સુવિધા ન હોવાથી નગરજનોને ગાર્ડનમાં કરવામાં આવેલો ખર્ચ પાણીમાં ગયો હોય તેમ લાગી રહ્યું છે. જયારે તંત્ર દ્વારા પીવાના પાણીની વ્યવસ્થા ઉભી કરવામાં આવે તેવી સહેલાણીઓની લાગણી અને માંગણી છે.



## કલોલ પંચવટીમાં આઈપીએલ મેચ પર સટ્ટો રમાડતા બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૭

કલોલ તાલુકા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા પંચવટી વિસ્તારમાં ઉમા પાન પાર્લર નજીક એકટીવા ઉપર બેસીને આઈપીએલની લાઈવ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા બે ઈસમોને પકડી પાડી રૂ. ૩૬૫૫૦નો મુદ્દામાલ કબ્જે કરી ગાંધીનગર એલસીબી પોલીસે કલોલ તાલુકા પોલીસ મથકે ગુનો નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગત્ તા. ૬ એપ્રિલના રોજ ચેન્નઈ વર્સીસ પંજાબ વચ્ચે મેચ ચાલી રહી હતી. લાઈવ ટી-૨૦ ક્રિકેટ મેચ અંતર્ગત એલસીબી ટીમના પીએસઆઈ વી.બી.વર્મા અ.હે.કો.લતીફખાન, અ.પો.કો.રાજવીરસિંહ, વિજયસિંહ, અનોપસિંહ, નિરવકુમાર કલોલ ખાતે પેટ્રોલીંગમાં હતા તે સમય દરમિયાન ટીમના વિજયસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે કલોલ પંચવટી વિસ્તાર, નાના સ્વામીનારાયણ મંદિર પાસે આવેલ ઉમા પાન પાર્લર નજીક એક ગ્રે કલરના એકટીવા નં. જી.જે.૧૮.ડી.એ.૯૮૫૭ ઉપર બેસી ઉપરોકત લાઈવ મેચના પ્રસારણ ઉપર ક્રિકેટ મેચના સોદા કરી સટ્ટો રમાડતા બે શખ્શો પ્રવિણ બાબુભાઈ પટેલ, રહે, હાલ સી-૪૦૪ સનસીટી સોસાયટી, પંચવટી વિસ્તાર કલોલ મુળ રહે. વડુ માઢમાં તા.કડી.જી.મહેસાણા, જૈનમ વિષ્ણુભાઈ પટેલ રહે.ગંગોત્રી એપાર્ટમેન્ટ,પંચવટી વિસ્તાર કલોલ મુળ રહે. વિજાપુર તા.વિજાપુર જી. મહેસાણા ને પકડી પાડી ક્રિકેટ સટ્ટો રમવા માટે ઉપયોગ કરેલા એકટીવા કિ.રૂ. ૨૦,૦૦૦ તથા રોકડ રકમ રૂ.૩૫૫૦ અને મોબાઈલ નંગ-૨ કિ.૧૩૦૦૦ મળી કુલ રૂ. ૩૬૫૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને તેમના વિરુધ્ધ કલોલ તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ચિલોડા સર્કલ પર ભુલભુલૈયા જેવી સ્થિતિ બસ સ્ટોપના અભાવે મુસાફરોને હાલાકી

**ચિલોડા સર્કલ પર પાંચ રસ્તાઓ ભેગા થતા હોવાછતા બસ સ્ટોપ બનાવાયુ નથી : આકરી ગરમીમાં ખુલ્લામાં ઉભા રહેતા મુસાફરોને હાલાકી**

ગાંધીનગર તા ૭

ચિલોડા સર્કલ વિસ્તાર તેમજ માર્ગનુ કામ ચાલતુ હોવાના લીધે હાલ ટ્રાફિક સિનારીયો બદલાયો છે. જેના લીધે આ વિસ્તારમાં અવાર નવાર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. બીજીતરફ પાંચ રસ્તાઓ જયાં મળે છે તેવા આ વિસ્તારમાં મુસાફરો માટે યોગ્ય સ્ટેન્ડ પણ નથી દિવસે તેમજ રાત્રિના સમયે પણ મુસાફરોની વિશેષ અવરજવર ધરાવતા આ સર્કલ પોઈન્ટ પર બસ સ્ટોપ બનાવવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર નજીક સ્થિત ચિલોડા પાસે હાલ વાહન વ્યવહાર વિશેષ રીતે પ્રભાવિત છે. સર્કલ તેમજ માર્ગનુ કામ ચાલતુ હોવાના લીધે ટ્રાફિક સિનારીયો બદલાયો છે. જેના લીધે આ વિસ્તારમાં અવારનવાર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જયારે ચિલોડા સર્કલ પરથી વિવિધ ઠેકાણે વાહન સેવા મેળવતા મુસાફરોની સંખ્યા પણ વિશેષ હોય છે. દિવસે તેમજ રાત્રિના સમયે પણ આ વિસ્તારમાં એસ ટી બસ ઉપરાંત ખાનગી વાહનોની અવરજવર વધુ રહે છે. જયારે મુસાફરો માટેનો સેન્ટર પોઈન્ટ પણ હોવાથી વિવિધ વિસ્તારમાં જવા માટે વાહન સેવા મેળવવા માટેનો આ સેન્ટર પોઈન્ટ બની ગયો છે. પરંતુ આ વિસ્તારમાં બસ સ્ટેન્ડનુ પણ ઠેકાણુ નથી. જેના લીધે આકરી ગરમીના દિવસોમાં મુસાફરોએ તડકામાં ઉભા રહેવુ પડે છે. ગાંધીનગર , હિંમતનગર, સાદરા, દહેગામ અમદાવાદ સહીતના વિસ્તારમાં જતા મુસાફરોએ આ ઠેકાણે બસ કે વાહન સેવા માટે ઉભા રહેવુ પડે છે. પરંતુ ગરમીના દિવસોમાં મુસાફરો સલામત રીતે બસ માટે રાહ જોવા ઉભા રહી શકે તેવી કોઈ વ્યવસ્થા જ નથી. આ વિસ્તારમાં યોગ્ય પોઈન્ટ મુજબ નવુ બસ સ્ટોપ બાંધવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. આ વિસ્તારમાં પાંચ રસ્તાઓ મળે છે. જેના લીધે રોજબરોજ મુસાફરોની વિશેષ ભીડ રહે છે. ત્યારે ત્વરિત આ સ્થિતિને ધ્યાને લઈ મુસાફરો માટે માર્ગ સલામતીને ધ્યાને લઈ નવુ પાકુ બસ સ્ટોપ બનાવવામાં આવે તેવી પણ માંગણી ઉઠવા પામી છે.

## રાજયમાં ભાજપ જાદુગરોના સહારે, ૫૨ જાદુગરોની ટીમ પ્રચાર કરશે

લોકસભાની ચૂંટણીમાં ભાજપે ગુજરાતમાં ૫૨ જાદુગરોની ટીમ ઉતારી છે. પાર્ટી જાદુગરોના સહારે ચૂંટણી જીતવા માગે છે. ગુજરાતના દરેક લોકસભા ક્ષેત્રોમાં બે રથો સાથે કુલ ૫૨ રથ ભ્રમણ કરશે અને ''કમળનું બટન દબાવો, ફરી એકવાર મોદી સરકાર બનાવો''ના સંદેશ સાથે ગુજરાતની જનતા વચ્ચે પહોંચશે.



૫૨ જેટલા જાદુગરોની ટીમ ગુજરાતના ૨૬ લોકસભા ક્ષેત્રના ગ્રામ્ય વિસ્તારમાં જાદુના માધ્યમથી કેન્દ્ર સરકારની પ્રજાલક્ષી માહિતી લોકો સુધી પહોંચાડશે. ભાજપના કાર્યાલયથી ફીર એક બાર મોદી સરકારના સંકલ્પ સાથે ભાજપાના પ્રચાર-પ્રસાર માટે ડીજીટલ એલઈડી રથના પ્રસ્થાન કરવામાં આવ્યા હતા.

દેશમાં ૫૫૦થી વધુ એલઈડી રથ પરીભ્રમણ કરશે. ગુજરાતના દરેક લોકસભા ક્ષેત્રોમાં ઓછામાં ઓછા બે રથ ભ્રમણ કરશે. આ રથમાં ત્રણ પ્રકાર વીડિયો દર્શાવાશે. પ્રથમ વીડિયો ૧૭ મીનીટનો છે, જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ભાજપા સરકારની ઉપલબ્ધીઓ દર્શાવવામાં આવશે.

બીજો વીડિયો ''મૈં ભી ચૌકીદાર'' થીમનો છે, જે સાત મીનીટ ચાલશે અને ત્રીજો વીડિયો ૩ મીનીટનો છે જે ''મોદી હૈ તો મુમકીન હૈ'' થીમ આધારિત છે.

ભાજપના પ્રવકતા ભરત પંડ્યાએ કહ્યું હતું કે આ રથ ગુજરાતભરમાં ચલાવવા પાછળનો મુખ્ય હેતુ છે કે, જનજન સુધી સરકારની ઉપલબ્ધીઓની ચર્ચા થાય, વધુમાં વધુ મતદાન થાય, કોંગ્રેસની નિષ્ફળતાઓ અને મોદી સરકારની સફળતાઓને જનતા સરખાવી શકે તેમજ જનભાગીદારીથી દેશે સંપૂર્ણ બહુમતવાળી મજબૂત સરકાર બનાવી ૨૦૧૯ની ચૂંટણીમાં પુનરાવર્તન કરે.

ભાજપાના પ્રચાર-પ્રસાર માટે જાદુગરોની ટીમ ચૂંટણી પ્રચારમાં ઉતરશે, આ પરંપરાગત પ્રચાર માધ્યમથી જાદુગરો હળવી શૈલીમાં કેન્દ્ર સરકારની પ્રજાલક્ષી યોજનાઓની માહિતી જનતાને મનોરંજન સાથે આપશે. એક લોકસભા બેઠક દીઠ જાદુગરોની બે ટીમ પ્રચાર-પ્રસાર કરશે.



**છાલા સામુહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી કરાઈ**

વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે ૭મી એપ્રિલ ૨૦૧૯ રવિવારના રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પ્રાંતિયાના મલ્ટી પલ્પઝ વર્કર તેમજ એન.સી.ડી.સેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર છાલાના સંયુક્ત ઉપક્રમે ગિફટસિટીમાં લેબર સ્કિનિંગ તેમજ અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓએ લાભ લીધો હતો.

## અમિત શાહની કાર્યકરો, સમર્થકો સાથે ગોષ્ઠિ

અમદાવાદ,તા.૭

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગાંધીનગર લોકસભાના લોકલાડીલા ઉમેદવાર અમિત શાહે ગઈકાલે ૩૦ કિલોમીટરના ઝંઝાવાતી ભવ્ય રોડ-શો દ્વારા લોકસંપર્કની ધમાકેદાર શરૂઆત કરી હતી. આદર્શ આચાર સંહિતાની મર્યાદાને અનુસરતા અમિત શાહે સમયસર રોડ-શોનું સમાપન કર્યુ હતું. ત્યારબાદ અથાગ પરિશ્રમ કરવા ટેવાયેલા અમિત શાહે લોકસભા વિસ્તારના એસ.જી.હાઈવે પર આવેલા ભાજપા મધ્યસ્થ કાર્યાલય ખાતે પાયાના કાર્યકરો અને સમર્થકો સાથે ગોષ્ઠી કરી હતી અને તેઓને અભિનંદન આપી પ્રોત્સાહિત કર્યા હતા.

વધુમાં જણાવવાનું કે, આવતીકાલ તારીખ ૮ એપ્રિલથી ભાજપા મહિલા મોરચા દ્વારા ડોર-ટુ-ડોર પત્રિકા વિતરણ કરી પ્રસાર-પ્રચાર કરી લોકસંપર્ક અભિયાનની શરૂઆત કરવામાં આવશે અને ઘરે-ઘરે જઈ ભાજપાને મત આપી કેન્દ્રમાં ફરી એકવાર એન.ડી.એ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભારતની સત્તાનું સુકાન સોંપવા મતદારોને અનુરોધ કરશે.

## ભાજપના ડિજિટલ રથનું પ્રસ્થાન

અમદાવાદ,તા.૭

આજરોજ ભાજપા પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ ભાજપા પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતેથી ફીર એક બાર મોદી સરકાર બનાવવાના સંકલ્પ સાથે ભાજપાના પ્રચાર-પ્રસાર અર્થે ડીજીટલ એલઈડી રથોના પ્રસ્થાન કરાવી ઈલેકટ્રોનિક મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યુ હતુ કે, ગુજરાત અને દેશભરમાં ચૂંટણીનો માહોલ બનતો જાય છે. ભાજપાનું કાર્યકર્તારૂપી સૈન્યબળ કામે લાગી ગયું છે. લોકસભાસ વિજયસંકલ્પ સંમેલનો ઉમળકાસભર વાતાવરણમાં યોજાઈ ગયા છે અને લોકસભા ચૂંટણી મધ્યસ્થ કાર્યાલયના તમામ લોકસભા બેઠકો પર ઉદ્ઘાટન પૂર્ણ થઈ ચૂકેલ છે.

ગઈકાલે અમદાવાદ ખાતે રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહનો ઉત્સાહજનક વાતાવરણમાં લોકસંપર્ક રાઉન્ડ યોજાયો જેમાં જનતાનો બહોળો પ્રતિસાદ મળ્યો હતો. રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને લોકસભા ચૂંટણી પ્રભારી ઓમ માથુર, મુખ્યમંત્રી વિજય રૂપાણી, પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ થતા કેન્દ્રીય મંત્રીઓ પરશોત્તમ રૂપાલા અને મનસુખભાઈ માંડવીયાનો રાજ્યમાં સતત પ્રવાસ ચાલુ છે.

# MP બનવા પાર્ટીની ટિકીટ હોવી જરૂરી નથી, દેશમાં ૨૨૨ અપક્ષોએ પાર્લામેન્ટ ગજવી છે

**મહિલા આરક્ષણ ૩૩ ટકા અને ૫૦ ટકા કહેવાય છે પરંતુ ચૂંટણીમાં કોઇ લાભ નહીં**

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

કોણ કહે છે કે લોકસભાની ચૂંટણી લડવા માટે પાર્ટીનો સહારો જોઈએ. એવા ૨૨૨ ઉમેદવારો લોકસભાની ચૂંટણી વટથી લડ્યાં છે કે જેઓ ચૂંટાઈને પાર્લામેન્ટમાં ગયા છે. સમગ્ર દેશમાં ઉત્તર પ્રદેશ એવું રાજ્ય છે કે જેણે સૌથી વધુ ૩૭ અપક્ષ સસંદસભ્યો આપ્યાં છે. લોકસભાની પ્રથમ ચૂંટણીમાં ૩૭, બીજી ચૂંટણીમાં ૪૨, ત્રીજી ચૂંટણીમાં ૨૦, ચોથી ચૂંટણીમાં ૩૫ અને પાંચમી ચૂંટણીમાં ૧૪ સાંસદો અપક્ષ હતા. આ પછી અપક્ષ ઉમેદવારોની વિજયની રફતાર ઓછી થઈ હતી. ૧૯૭૭ની છઠ્ઠી લોકસભા અને ૧૯૮૦ની સાતમી લોકસભામાં ૯ સાંસદો અપક્ષ હતા. ૧૯૮૪માં ૫, ૧૯૮૯માં ૧૨ અને ૧૯૯૧માં માત્ર એક જ અપક્ષ ઉમેદવાર પાર્લામેન્ટ સુધી પહોંચી શક્યો હતો. ૧૯૯૬માં અપક્ષોની સંખ્યા ૯ થઈ હતી. ૧૯૯૮માં તે સંખ્યા ઘટીને ૬ થઈ હતી જે સંખ્યા ૧૯૯૯માં પણ જોવા મળી હતી. ૨૦૦૪ની લોકસભામાં પાંચ અને ૨૦૦૯ની લોકસભામાં ૯ અપક્ષો સાંસદ બન્યા હતા. છેલ્લે જ્યારે ૨૦૧૪માં લોકસભાની ચૂંટણી થઈ ત્યારે અપક્ષોની સંખ્યા ઘટીને માત્ર ૩ થઈ છે. દેશમાં અત્યાર સુધીની લોકસભાની ચૂંટણીઓમાં ૪૪૯૬૨ અપક્ષ ઉમેદવારોએ ચૂંટણી મેદાનમાં ઝંપલાવ્યું છે પરંતુ વિજેતા થયેલા ૨૨૨ જેટલા અપક્ષોએ સંસદને ગજવી છે. હવે અપક્ષ ઉમેદવારો માત્ર વિધાનસભામાં સૌથી વધુ ચૂંટાય છે, લોકસભામાં અપક્ષોને સફળતા મળવાની સંખ્યા ઓછી થતી જાય છે, કારણ કે અત્યારે રાજકીય પાર્ટીઓની સંખ્યા વધી ગઈ હોવાથી કોઈને કોઈ પાર્ટી શક્તિશાળી ઉમેદવારને ટિકીટ આપી દેતો હોય છે.

**ચૂંટણી વિના ભાજપ ૧૨ બેઠકો જીતી જાય તેમ છે...**

ગુજરાતમાં કોંગ્રેસની કમજોરી છે કે શહેરી વિસ્તારમાં તેના ઉમેદવારો ચૂંટણી જીતી શકતા નથી. રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, વિધાનસભા અને લોકસભાની ચૂંટણી હોય ત્યારે શહેરી વિસ્તારમાં કોંગ્રેસને ઉમેદવારો મળતા નથી. સ્થાનિક ચૂંટણીમાં તો ભાજપના અસંખ્ય ઉમેદવારો બિનહરીફ થતાં જોવા મળ્યા છે. છેલ્લા ૨૫ વર્ષથી ગુજરાતમાં કોંગ્રેસની વિજયશક્તિ મંદ પડી છે, કેમ કે કોંગ્રેસમાં મજબૂત ઉમેદવારો ટક્યાં નથી. વિધાનસભાની ૫૦ અને લોકસભાની ૧૨ બેઠકો એવી છે કે જ્યાં ભાજપ ચૂંટણી પ્રચાર ન કરે તો પણ તે બેઠકો આસાનીથી જીતી શકે છે. આ બધી બેઠકો શહેરી વિસ્તારની છે. લોકસભા ૨૦૧૯માં ભાજપના ૧૨ ઉમેદવારો એવા છે કે જ્યાં ચૂંટણી પ્રચારની આવશ્યકતા નથી. આ બેઠકોમાં ગાંધીનગર, અમદાવાદ પૂર્વ, અમદાવાદ પશ્ચિમ, રાજકોટ, જામનગર, ભાવનગર, ખેડા, કચ્છ, વડોદરા, ભરૂચ, સુરત અને નવસારીનો સમાવેશ થાય છે. ગુજરાતમાં ૧૪ બેઠકોમાં ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે ટક્કર જોવા મળે છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ દાવો કરે છે કે અમને ગુજરાતમાં ૨૬ બેઠકો મળશે, જ્યારે કોંગ્રેસના પ્રદેશ નેતાઓ જાહેરમાં એવું કહે છે કે પાર્ટીને ૧૧ થી ૧૩ બેઠકો મળશે. જો કે અંદરખાને આ નેતા કબૂલ કરે છે કે કોંગ્રેસને આ વખતે પાંચ થી સાત બેઠકો મળી શકે તેમ છે. પ્રત્યેક ચૂંટણીમાં આમ પણ કોંગ્રેસના નેતાઓ નીચું નિશાન રાખતી હોય છે જ્યારે ભાજપ ઉંચું નિશાન રાખે છે.

## રાજ્યની ૨૬ પૈકી ૧૨ બેઠકો એવી છે કે જ્યાં ભાજપને ચૂંટણી પ્રચારની જરૂર નથી

**રાજનીતિમાં નિવૃત્તિ-- કોંગ્રેસને ભાજપ શિખવે છે...**

સરકારી કે પ્રાઈવેટ નોકરી હોય તેમાં નિવૃત્તિ વય ફિક્સ કરવામાં આવેલી છે પરંતુ બિઝનેસ કે પ્રોફેશનલ કામમાં તેવી કોઈ મર્યાદા રાખવામાં આવી નથી પરિણામે રાજનીતિમાં વધતી ઉંમરને અનુભવી કરીને બોલાવવામાં આવે છે પરંતુ સરવાળે તે સેકન્ડ કેડર માટે ઘાતક છે. કોંગ્રેસે રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં સચિન પાયલટ અને જ્યોતિરાદિત્ય સિંધિયાની જગ્યાએ અશોક ગહેલોત અને કમલનાથને મુખ્યમંત્રી પદે બેસાડ્યા ત્યારે આ બન્ને યુવા નેતાઓએ નારાજગી વ્યક્ત કરી હતી. સચિન પાયલટે તો નાયબ મુખ્યમંત્રીનું પદ લઈ લીધું પરંતુ સિંધિયાને મનાવી લેવામાં આવ્યા હતા. કોંગ્રેસમાં આજે પણ અહમદ પટેલ અને સોનિયા ગાંધી સક્રિય છે. જો કે ભાજપે તેની દિશા બદલી છે. ભાજપે ૭૫ વર્ષ કે તેનાથી વધુ આયુના નેતાઓને સક્રિય રાજકારણમાંથી દૂર કર્યા છે. લાલકૃષ્ણ અડવાણી હોય કે મુરલી મનોહર જોષી-- ભાજપે નવી કેડર તૈયાર કરી છે. ભાજપમાં અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણીનું સ્થાન નરેન્દ્ર મોદી અને અમિત શાહે લીધું છે. આજે નહીં તો કાલે કોંગ્રેસને પણ આ દિશા પકડવી પડશે, કેમ કે વર્ષોથી ચૂંટણી લડતા ઉમેદવારો જગ્યા ખાલી નહીં કરતા હોવાથી યુવા નેતાઓને રાજનીતિમાં કોઈપણ જાતની ઓપર્ચ્યુનિટી મળતી નથી. યુવા સરકારની શરૂઆત દિલ્હીમાં અરવિંદ કેજરીવાલે શરૂ કરી હતી હવે ભાજપમાં પણ યુવા નેતાગીરીનો ઉદય થઈ રહ્યો છે. લોકસભાની ચૂંટણીના પરિણામો જો કોંગ્રેસ માટે ખરાબ આવ્યા તો કોંગ્રેસના સંગઠનમાં પણ બેશક પરિવર્તન થઈ શકે છે. આમ પણ પરિવર્તન એ સંસારનો નિયમ છે. હા પાર્ટીમાં અતિ સિનિયર નેતાઓને અવગણીને આગળ વધવું જોઈએ નહીં પરંતુ તેમને સલાહકાર બનાવીને સક્રિય રાખી શકાય છે.

**કોંગ્રેસમાં ૨૦૧૪ની ચૂંટણી હારેલા ઉમેદવારો દૂર...**

કોંગ્રેસ માટે પ્લસ પોઈન્ટ એ છે કે તેણે ૨૦૧૪ની ચૂંટણી હારી ગયેલા મોટાભાગના ઉમેદવારોને દૂર કર્યા છે, માત્ર ચૂંટણી જીતી શકે તેવા ભરતસિંહ સોલંકી (આણંદ), તુષાર ચૌધરી (બારડોલી), પુંજા વંશ(જૂનાગઢ) અને સોમાભાઈ પટેલ (સુરેન્દ્રનગર) ને ફરીથી ટિકીટ આપી છે જે પૈકી બે ઉમેદવારો વર્તમાન ધારાસભ્ય છે. જો કે કોંગ્રેસમાં પાંચ લોકસભા બેઠકના ઉમેદવારો એવા છે કે જેઓ ચૂંટણીમાં વિજયી બની શકે તેમ નથી. ટિકીટ આપવામાં કોંગ્રેસે જીતનો ક્રાઈટેરિયા જોયો નથી, માત્ર કોઈના કહેવાથી ટિકીટ આપવામાં આવી છે. કોંગ્રેસે ૧૨ બેઠકો ઉપર જીતવા માટે નહીં પણ ઈજ્જત બચાવવા માટે ઉમેદવારો ઉભા રાખ્યા છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપ કે કોંગ્રેસ એમ બન્ને પક્ષમાં કોઈ પૂર્વ મુખ્યમંત્રી ચૂંટણી લડતા નથી. ગુજરાતમાં હાલ જે પૂર્વ મુખ્યમંત્રી છે તેમાં કેશુભાઈ પટેલ, માધવસિંહ સોલંકી, દિલીપ પરીખ અને સુરેશ મહેતાએ રાજકીય સન્યાસ લીધો હોવાથી તેઓ ચૂંટણી પ્રચારમાં જોડાવાના નથી. પૂર્વ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ મધ્યપ્રદેશમાં રાજ્યપાલ હોવાથી ચૂંટણી પ્રચાર કરી શકે નહીં, જ્યારે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા એનસીપીમાં જોડાયા છે પરંતુ હજી તેમણે પણ ચૂંટણી પ્રચાર શરૂ કર્યો નથી. પહેલા શંકરસિંહ વાઘેલાએ લોકસભાની ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી પરંતુ પછીથી તેમણે કહ્યું કે-- હું લોકસભાની ચૂંટણી લડવાનો નથી. સૂત્રો કહે છે કે શંકરસિંહ વાઘેલાને સાબરકાંઠાની બેઠક જોઈતી હતી પરંતુ કોંગ્રેસે એનસીપી સાથે ગુજરાતમાં સમાધાન કર્યું નહીં હોવાથી કોઈ બેઠક એનસીપીને ફાળવી નથી.

## રાજનીતિમાં વૃદ્ધોને સલાહકાર બનાવી દો, સેકન્ડ કેડર આપમેળે બહાર આવી જશે

**ભારતની પ્રથમ લોકસભા શિક્ષિત હતી...**

ભારતમાં પ્રથમ લોકસભાની ચૂંટણી ૧૯૫૨માં થઈ હતી. એ સમયે રાજનીતિમાં ઉમેદવારો અને પાર્ટીઓની મહેતન દેખાઈ આવતી હતી. પ્રતિસ્પર્ધી ઉમેદવારો કે પાર્ટી પર કાદવ ઉછાળવાની જગ્યાએ શાલિનતાથી ઉમેદવારો ચૂંટણી લડતા હતા. એ વખતે રાજકીય કાવાદાવા અને રાજકીય ગંદકીનો માહોલ ન હતો. દેશમાં કુલ વસતી ૩૬ કરોડ હતી જે પૈકી માત્ર ૧૭ કરોડ મતદારો હતા જે પૈકી ૧૦ કરોડ લોકોએ મત આપ્યા હતા. દેશની પહેલી લોકસભામાં ૩૫.૬ ટકા વકીલ ઉમેદવારો સાંસદ બન્યા હતા. ૨૨.૪ ટકા સાંસદો ખેડૂત વર્ગમાંથી આવતા હતા. ૧૨.૦ ટકા વ્યાપારીઓ અને ૩.૭ ટકા સિવિલ સેવામાંથી આવતા સાંસદો હતા. ૪.૯ ટકા સાંસદોનો વ્યવસાય ડોક્ટરનો હતો. ૯.૯ ટકા શિક્ષકો ચૂંટાઈ આવ્યા હતા. પત્રકાર અને લેખકોની સંખ્યા ૧૦.૪ ટકા અને ૧૧.૦ ટકા રાજવીઓ સાંસદ હતા. પહેલી ચૂંટણીમાં મજૂર નેતાઓ, ઈજનેરો અને ધર્મગુરૂઓ પણ સાંસદ બન્યા હતા. ૧૯૫૧માં બે સભ્યોનો સંસદીય મતવિસ્તાર હતો. કુલ ૫૩ રાજકીય પાર્ટીઓએ ચૂંટણી લડી હતી.

**સંસદમાં મહિલા આરક્ષણ ૧૨ ટકા હોય ખરૂં?...**

દેશમાં ૩૩ ટકા અને ૫૦ ટકા મહિલા આરક્ષણની વાતો કરતી ભાજપ અને કોંગ્રેસ સહિતની પાર્ટીઓની કથની અને કરણીમાં બહુ મોટો ફેર છે. સામાન્ય રીતે એવું જોવામાં આવે છે કે મહિલા ઉમેદવારની સામે મહિલા ઉમેદવાર ઉતારવામાં આવે છે તેથી મહિલા સાંસદોની સંખ્યા વધતી નથી. બીજી મહત્વની બાબત એવી છે કે મહિલા આરક્ષણની વાતો કરીને પાર્ટીઓ મહિલા ઉમેદવારને નબળી ગણીને ચૂંટણીના મેદાનમાં ઉતારતી નથી. વિશ્વભરની પાર્લામેન્ટમાં મહિલાઓની સંખ્યાના થયેલા સર્વે પ્રમાણે ભારતનું સ્થાન છેલ્લે ૧૦૩ નંબર ઉપર છે. આપણા પાડોશી દેશ નેપાળનું સ્થાન ૩૫મું અને પાકિસ્તાનું સ્થાન ૬૪મું છે. બાંગ્લાદેશમાં તો પ્રત્યેક પાંચ માંથી એક સાંસદ મહિલા હોય છે. ૧૬મી ભારતીય સંસદના બન્ને સદનોમાં મહિલાઓની સંખ્યા ૯૭ છે જે પૈકી ૬૬ લોકસભામાં છે અને ૩૧ રાજ્યસભામાં છે. નેપાળની સંસદમાં કુલ ૧૭૬ બેઠકો છે જે પૈકી પ્રત્યેક ત્રીજી સીટ ઉપર મહિલા છે. દેશમાં જ્યારે પ્રથમ લોકસભાની ચૂંટણી થઈ હતી ત્યારે ૧૯૫૨માં ૨૨ મહિલાઓ સંસદમાં પહોંચી શકી હતી. આજે છેલ્લી સંસદમાં મહિલાઓની સંખ્યા ૬૬ છે જે અત્યાર સુધીનો સર્વશ્રેષ્ઠ આંકડો છે અને ૧૨ ટકા પ્રતિનિધિત્વ દર્શાવે છે. પહેલી અને બીજી લોકસભામાં મહિલા સાંસદની સંખ્યા એક સરખી ૨૨ હતી. ત્રીજી સંસદમાં ૩૧, ચોથી સંસદમાં ૨૯, પાંચમી સંસદમાં ૨૮ અને છઠ્ઠી સંસદમાં ૧૯ હતી. એ ઉપરાંત સાતમી સંસદમાં આ સંખ્યા ૨૮ હતી તે વધીને આઠમી સંસદમાં ૪૩ થઈ હતી. નવમી સંસદમાં ૨૯, દસમી સંસદમાં ૩૯, ૧૧મી સંસદમાં ૪૦, બારમી સંસદમાં ૪૩, તેરમી સંસદમાં ૪૯, ૧૪મી સંસદમાં ૪૫ અને ૧૫મી સંસદમાં ૫૯ થઈ હતી. અત્યાર સુધીમાં કુલ ૫૯૨ મહિલાઓ સાંસદ બની છે.